શ્રાવણ માસના છેલ્લા સોમવારે શિવાલયો-મંદિરોમાં ભારે ભીડ

વહેલી સવારથી મોડી રાત સુધી વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન : ભારે શ્રધ્ધાપૂર્વક ભાવિકો જોડાયા

ગાંધીનગર, તા. ૨

શ્રાવણ માસના છેલ્લા સોમવારે મંદિરો, શિવાલયોમાં ભાવિકોની ભીડ જામી હતી. સુપ્રસિધ્ધ શિવાલયોમાં તો આખો દિવસ ભાવિકોની ભીડના ભારે પ્રવાહ વચ્ચે ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા.



(તસવીર : દિપક જાની)

શ્રાવણ માસ તેના અંતિમ તબક્કામાં છે આજે શ્રાવણ માસનો છેલ્લો સોમવાર હોવાથી ભાવિકોની ભારે ભીડ શિવાલયોમાં જામી હતી. વહેલી સવારથી જ મંદિરોમાં ભારે ભીડ ઉમટી પડી હતી. દૂધ-જળ અભિષેક માટે લાંબી કતાર જોવા મળી હતી. શિવ ધૂનના જાપથી સમગ્ર વાતાવરણ પવિત્ર બની ગયું હતું. મંદિરોમાં અને ભાવિકોના નિવાસસ્થાને લઘુરુદ્ર, મહારુદ્ર, શિવ મહિમ્નસ્ત્રોત, શિવધૂન અને જાપના કાર્યક્રમો યોજાયા હતા. જે ભાવિકો શ્રાવણ માસનો ઉપવાસ કરે છે તેઓએ શ્રાવણમાસના અંતિમ સોમવારે વિવિધ ધાર્મિક કાર્યક્રમોમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. વાસણિયા મહાદેવ, ધોળેશ્વર મહાદેવ જેવા પ્રાચિન શિવાલયોમાં આખો દિવસ ભાવિકોનો ઘોડાપૂર ઉમટયો હતો. ઘણા ભાવિકોએ તો પરિવારજનો અને મિત્રો સાથે સોમનાથ જઈ સોમનાથ દાદાના દર્શનનો લ્હાવો લીધો હતો. શહેરના ચંદ્ર મૌલેશ્વર મહાદેવ મંદિર, ઓમકારેશ્વર મંદિર, વૈજનાથ મહાદેવ મંદિર, પંચદેવ મંદિરોમાં પણ ભાવિકોનો મોટો પ્રવાહ ઉમટયો હતો. ગ્રામ્ય વિસ્તારોમાં પણ ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.

સચિવાલય ન્યુ ક્રેડીટ સોસાયટીની ચૂંટણીનું પરિણામ

ગાંધીનગર, તા. ૨

ધી ગુજરાત સચિવાલય એમ્પ્લોઈઝ કો. ઓપ. ન્યુ ક્રેડીટ સોસાયટીના બોર્ડ ઓફ ડીરેકટર્સની તાજેતરમાં યોજાયેલી ચુંટણીમાં પાંચ ઉમેદવારો ચુંટાયા છે.

ચુંટાયેલા બોર્ડ ઓફ ડીરેકટર્સમાં ચંદ્રેશ પટેલ, નરેન્દ્રકુમાર બ્રહ્મભટ્ટ, અશ્વિનકુમાર વ્યાસ, રામદેવસિંહ ઝાલા અને રાજુલ ભટ્ટનો સમાવેશ થાય છે.

સંગીત, નૃત્ય, નાટક અને લોકકલાના કલાકારોને ગૌરવ પુરસ્કાર

ગાંધીનગર, તા. ૨

સંગીત, નૃત્ય, નાટય અને લોકકલા ક્ષેત્રે વિશિષ્ટ અને ગણનાપાત્ર પ્રદાન કરનાર બાર જેટલા કલાકારોને વર્ષ ૨૦૧૨-૧૩ માટે ગૌરવ પુરસ્કાર પ્રદાન કરવા પસંદ કરવામાં આવ્યા છે.

તાજેતરમાં રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના મંત્રી શ્રી રમણલાલ વોરાના અધ્યક્ષસ્થાને મળેલી પસંદગી સમિતિમાં ગુજરાતના ૧૨ કલાકારોની પસંદગી કરવામાં આવી છે. આ કલાકાર મહાનુભાવોને ગૌરવ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવશે. આ ગૌરવ પુરસ્કારમાં રૂ. ૫૧,૦૦૦ની રોકડ રકમ, સાલ અને તામ્રપત્ર એનાયત કરવામાં આવશે.

ગૌરવ પુરસ્કાર પ્રાપ્ત કરનાર કલાકારોમાં સર્વશ્રી નયન પંચોલી (સંગીત), વિનોદ પટેલ (સંગીત), ડૉ. ધારી પંચમદા (સંગીત), ભીમ વાકાણી (નાટ્ય), પ્રિયકાંત મહેતા (નાટ્ય), ભરતકુમાર વ્યાસ (નાટ્ય), સ્વાતિ મહેતા (નૃત્ય), સુપ્રિયા મિશ્રા (નૃત્ય), કાજલ મુળે (નૃત્ય), જોરાવરસિંહ જાદવ (લોકકલા), બિહારી હેમુ ગઢવી (લોકકલા) અને ઈન્દિરાબેન શ્રીમાળી (લોકકલા)નો સમાવેશ થાય છે.

સે-૨૪માં પાણીનો કકળાટ

ઈન્દિરાનગર, શ્રીનગર તેમજ ડબલડેકરના રહીશોમાં પાણીની પોકાર

ગાંધીનગર, તા. ૨

શહેરમાં એક બાજુ ઘરે ઘરે ડહોળુ પાણી આવતું હોવાનો કકળાટ પ્રવર્ત્યો છે. જયારે કેટલાક ઠેકાણે ડહોળું પાણી પણ નસીબ ન થયું હોવાની બૂમરાણ ઉદભવી છે. સે-૨૪માં ઈન્દિરાનગર તેમજ શ્રીનગર સોસાયટીમાં રહીશોને આજે પાણી ન મળતા પ્રબળ આક્રોશ પ્રવર્ત્યો હતો. રહીશોના જણાવ્યા મુજબ એક મહીનાથી પાણીનો ફોર્સ તદ્દન ઘટી ગયો છે. જયારે આજે બિલકુલ પાણી ન આવતા રહીશોએ પારાવાર હાલાકી વેઠવી પડી હતી.

શહેરમાં છેલ્લા ત્રણ ચાર દિવસથી ઘરે ઘરે ડહોળુ પાણી આવતું હોવાની વ્યાપક ફરિયાદો રહીશોના આક્રોશનું કારણ બની છે. રોગચાળાની સીઝનમાં નળમાંથી દૂષિત પાણી આવતા જનઆરોગ્ય સામે ખતરો મંડરાયો હોવાની દહેશત પ્રવર્તી છે. જો કે તંત્રના જણાવ્યા મુજબ ડહોળા પાણીની સમસ્યા એકાદ દિવસમાં હલ થઈ જશે જયારે હાલ સપ્લાય થતો પાણી પુરવઠો શુધ્ધ હોવાથી તેની ગુણવત્તા સામે કોઈ પ્રશ્ન નથી. બીજી તરફ શહેરના કેટલાક સેકટરોમાં પાણીનો ફોર્સ ઘટી ગયો હોવાની બૂમરાણ ઉઠવા પામી છે. સે-૨૪ સ્થિત વિવિધ સોસાયટીમાં છેલ્લા એક મહીનાથી પાણીની પોકાર ઉઠવા પામી છે. સ્થાનિક રહીશોના જણાવ્યા મુજબ સેકટરમાં સ્થિત ઈન્દિરાનગર, શ્રીનગર સોસાયટી ઉપરાંત પીળા પટ્ટા અને ડબલડેકર વિસ્તારમાં છેલ્લા એક મહિનાથી પાણી ફોર્સથી આવતું નથી. લાંબા સમયથી પાણીની પોકાર ઉઠતા સ્થાનિક રહીશો તોબા પોકારી ગયા છે. આજે પણ આ વિસ્તારમાં બિલકુલ પાણી ન આવતા રહીશોને વલખા મારવા પડયા હતા. સ્થાનિક કોર્પોરેટર પ્રવિણાબેન દરજી તેમજ સુરેશ મહેતાએ આ અંગે તંત્ર સમક્ષ અવાર નવાર રજૂઆત કરી છે આમ છતાં કોઈ પગલા લેવાતા નથી. પ્રાપ્ય થતી માહિતી અનુસાર ચરેડી ટાંકીમાં કોક તુટી ગયો હોવાથી પાણીની સમસ્યા સર્જાઈ હતી. અગાઉ આ વિસ્તારમાં પાણીના ફોર્સથી ટાંકી ઉભરાઈ જતી હતી પરંતુ છેલ્લા કેટલાક સમયથી પાણીનો પ્રશ્ન પેચીદો બન્યો છે.

પર્યુષણનો મંગલ પ્રારંભ - સોમવારની વહેલી સવારથી પર્યુષણના મંગલાચરણે જૈન શ્રાવકો દેરાસરોમાં પૂજન - અર્ચન માટે ઉમટ્યા હતા. ભગવાન મહાવીરની આંગીના દર્શનનો પણ પર્યુષણ પર્વે એક અનોખો લ્હાવો છે... પર્યુષણ દરમિયાન પૂજન-અર્ચનની સાથો સાથ વ્યાખ્યાન શ્રવણ તથા સંયમ - સંસ્કારનો પણ મહિમા છે... દેરાસરમાં રોજ સવારે મહારાજ ભગવંતો વ્યાખ્યાન આપે અને તેનો શ્રવણ લાભ સૌ શ્રાવકો મેળવે છે.

ખૂણે... ...ખાંચરેથી

- રાજ્યના પૂર્વ આરોગ્ય મંત્રી શ્રી જયનારાયણ વ્યાસ શ્રાવણ માસના સોમવારના દિવસે વૈજનાથ મહાદેવ (વાસણીયા મહાદેવ)ની સંધ્યા આરતીમાં ઉપસ્થિત રહ્યા હતા.
- મહેસુલી તપાસણી કમિશ્નરશ્રીની ટીમે આજે ગાંધીનગર કલેક્ટર કચેરીમાં તપાસની કામગીરી હાથ ધરી છે.
- ગાંધીનગર બ્રહ્મસમાજના અગ્રણી શ્રી કનૈયાલાલ પંડ્યાના માતુશ્રી કંચનબેન પંડ્યાનું ૯૧ વર્ષની જૈફ વયે આજે અવસાન થયું છે. સ્વર્ગસ્થની અંતિમ યાત્રામાં ગાંધીનગરના બ્રહ્મપરિવારના આગેવાનો, કર્મચારી આગેવાનો તથા શ્રેષ્ઠીઓ જોડાયા હતા.
- આજે બપોરે બે વાગે વિપક્ષી નેતા શ્રી શંકરસિંહ વાઘેલાએ વિધાનસભા ખાતેની કચેરીએ પત્રકાર પરિષદ યોજી છે.
- જિલ્લા કલેક્ટરશ્રી ડૉ. સ્વરૂપે આજે શહેરમાં વાહકજન્ય રોગચાળાની સ્થિતિને લઈ સમીક્ષા કરી હતી.
- મુખ્યમંત્રીશ્રીના બંદોબસ્તમાં વ્યસ્ત રહેતા જવાનોએ આજે સે. ૭ની પોલીસ ચોકીમાં સત્યનારાયણ ભગવાનની કથા રાખી હતી.
- ભાજપના કાઉન્સીલર શ્રી કાર્તિક પટેલનો પુત્ર ક્રિસીલ પટેલ છેલ્લા દસ દિવસથી ભેદી તાવમાં સપડાયો છે જેના તમામ ટેસ્ટ નેગેટીવ જણાયા છે.
- ગાંધીનગર જિલ્લા પોલીસ વડાએ અડાલજના પીએસઆઈ શ્રી બ્રહ્મભટ્ટની બદલી એસ.ઓ.જી.માં કરી છે, જ્યારે તેમના સ્થાને હમણાં બદલી થઈ આવેલા શ્રી સૈયદને નિમણુંક આપી છે.
- સપ્તાહના અંતથી શરૂ થઈ રહેલા કાર્યક્રમોને લઈ તંત્ર તેની તૈયારીમાં વ્યસ્ત બનતાં જિલ્લાની કચેરીઓની મુલાકાતે આવતા મુલાકાતીઓ નારાજ થઈ પરત ગયા હતા.

શિક્ષકોની ખાલી જગ્યા નહિ ભરાય તો શિક્ષકદિને શાળાઓની તાળાબંધી : કોંગ્રેસ

શહેરમાં ૧૫૦ જેટલી શિક્ષકોની જગ્યાઓ ખાલી છે જે પૈકી ૪૮ ગ્રામ્ય વિસ્તારની શાળાઓમાં ખાલી જગ્યા છે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરની સરકારી શાળાઓમાં શિક્ષકોની ખાલી જગ્યાઓ ૫મી સપ્ટેમ્બર સુધીમાં નહિ ભરવામાં આવે તો કોંગ્રેસ દ્વારા શાળાઓની તાળાબંધી કરવામાં આવશે.

કોંગ્રેસના કાઉન્સીલરો શ્રી હર્ષજીત પંડયા, શ્રી જીતુ રાયકા, શ્રી શૈલેન્દ્રસિંહ બિહોલા, એન.એસ.યુ.આઈ.ના પ્રદેશ મહામંત્રી શ્રી અંકિત બારોટ, જિલ્લા પ્રમુખશ્રી રાજદીપસિંહ ગોલ, યુવા કોંગ્રેસના શ્રી જયદીપસિંહ ઠાકોર, મહામંત્રી શ્રી યુનુસ પરમાર, અનિલ પરમારની આગેવાનીમાં આજે આ અંગેનું એક આવેદનપત્ર શહેરના પ્રા. શિક્ષણાધિકારી તથા જિલ્લા શિક્ષણાધિકારી અને મ્યુનિ. કમિશનરને આપવામાં આવ્યું છે.

આ આગેવાનોએ જણાવ્યું છે કે શહેરની વિવિધ શાળાઓમાં ૧૫૦થી પણ વધુ જગ્યાઓ ખાલી છે. પાટનગરના શિક્ષણતંત્રની આ સ્થિતિ છે તો રાજયની કલ્પના જ કરવી અઘરી છે.

આ આવેદનપત્રમાં જણાવાયું છે કે ગાંધીનગર એ ગુજરાતનું પાટનગર છે. જયારે પાટનગરની સરકારી શાળાઓમાં ઓછામાં ઓછા ૧૨૦ જેટલા શિક્ષકોની ઘટ ગાંધીનગર મહાનગરપાલિકાના વિસ્તારની શાળાઓમાં છે. જયારે ગુજરાતમાં ૭૦૦૦ જેટલા વિદ્યાસહાયકોની ભરતીની મુખ્યમંત્રીએ તાજેતરમાં જાહેરાત કરી હતી. પરંતુ આ વાત કહેતા બહુ દુખ થાય છે કે ગુજરાતના પાટનગરમાં જો આ પરિસ્થિતિ હોય તે ખુબ જ

● અનુસંધાન પાન-૭ પર

જિલ્લામાં ૧૩મા નાણાંપંચ અંતર્ગત ૫૨ લાખના ૭૦ વિકાસ કામો મંજૂર

ગાંધીનગર તાલુકાના ૨૧, દહેગામ અને માણસાના ૧૭-૧૭, અને કલોલ તાલુકાના ૧૬ વિકાસ કામોને મંજૂરી અપાઈ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લામાં ૧૩મા નાણાંપંચના બીજા તબક્કાની ગ્રાન્ટના મળેલ હપ્તામાંથી જિલ્લાકક્ષાના રૂ. ૫૨ લાખના ૭૦ જેટલા વિકાસ કામોને મંજૂરી આપવામાં આવી છે.

જે ૭૦ કામોને મંજૂરી આપવામાં આવી છે તેમાં ગાંધીનગર તાલુકાના ૨૧, દહેગામ અને માણસાના ૧૭-૧૭ તેમજ કલોલ તાલુકાના ૧૬ કામોનો સમાવેશ થાય છે.

તાજેતરમાં જ આ નાણાંકીય વર્ષની બીજા તબક્કાની ગ્રાન્ટ મળતાં આ વિકાસ કામોનું આયોજન પંચાયત કક્ષાએ હાથ ધરવામાં આવ્યું હતું અને જે આખરી થતાં તેને વહીવટી મંજૂરી આપતા આદેશો આપી દેવામાં આવ્યા છે. આ કામો મંજૂર થતાં જ વિકાસના કામોમાં નવી ગતિ આવશે.

મળતી વિગતો પ્રમાણે ૨૦૧૨-૧૩માં ૭૬ કામોને મંજૂરી અપાઈ હતી જે પૈકી ૬૧ કામો પૂર્ણ થઈ ગયા છે. તાલુકા કક્ષાના ૯૫ કામો પૈકી ૭૬ કામો પૂર્ણ થઈ ગયા છે. જ્યારે ગ્રામ્ય કક્ષાના ૩૪૯ પૈકી ૩૩૦ કામો પૂર્ણ થઈ ગયા છે. આમ જિલ્લા-તાલુકા અને ગ્રામ્ય કક્ષાએ ૫૨૦ કામો ૧૩મા નાણાં પંચ અંતર્ગત હાથ ધરવામાં આવ્યા હતા જે પૈકી ૪૬૭ કામો પૂર્ણ થયા છે જ્યારે ૫૩ કામો પ્રગતિ હેઠળ છે.

આ સૂત્રોના જણાવ્યાનુસાર જે કામો મંજૂર કરાયા છે તેમાં પેયજળના કામો ડ્રેનેજ, સફાઈ, સ્ટ્રીટલાઈટ, આંતરિક રસ્તા સહિતની આંતર માળખાકીય સુવિધાના કામોનો સમાવેશ થાય છે.

કુપોષણને નાથવા માટે સામાજિક જાગૃતિ જરૂરી છે : મહેન્દ્રસિંહ રાણા

બોરીજ ખાતે 'બાલશક્તિ' કેન્દ્રનો મેયરના વરદ હસ્તે વિધિવત્ પ્રારંભ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા કુપોષણ મુક્ત બાળકો બનાવવા માટે મિશન બલમ્ સુખમ યોજનાના

અમલીકરણનો આજથી આરંભ કરવામાં આવ્યો છે. શહેરમાં આજે એક જ સમયે ત્રણ સ્થળોએ બાલ શક્તિ કેન્દ્રો શરૂ કરાયા છે.

મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણા દ્વારા આજે આવા શક્તિ કેન્દ્રનો વિધિવત્ આરંભ બોરીજ ખાતેથી કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં સ્ટેન્ડીગ કમિટીના ચેરમેન શ્રી આશિષ દવે તથા પૂર્વ ચેરમેન શ્રી પ્રવિણ પટેલ, મ્યુનિ. કમિશ્નર શ્રી પાડલિયા સહિતના અધિકારીઓ હાજર રહ્યા હતા.

મેયર શ્રી રાણાએ તેમના ઉદ્‌ઘાટન પ્રવચનમાં જણાવ્યું હતું કે સ્વસ્થ સમાજની રચનાની કલ્પનાનું આ પ્રથમ પગથિયુ છે અને રાજ્ય સરકાર દ્વારા આ અંગે ચિંતા કરવામાં આવી રહી છે. કુપોષણની સમસ્યાને નિવારવા માટે તંત્રની કટિબદ્ધતા સાથે સામાજિક જાગૃતિ પણ જરૂરી છે તેમ તેમણે કહ્યું હતું.

બાલ શક્તિમ્ કેન્દ્રમાં તબીબી સારવારની જરૂર ન હોય તેવા કુપોષીત બાળકોને સવારના ૯.૦૦થી સાંજના ૫.૦૦ સુધીમાં કૂલ ૫ વાર પૌષ્ટીક નાસ્તા દ્વારા પોષણ આપવામાં આવે છે. માસ દરમ્યાન કુપોષીત બાળકોની માતાઓને પોષણને લગતાં વિષયો ઉપર પરામર્શ કરવામાં આવશે. જેથી તે બાળક એક વાર કુપોષણમાંથી બહાર નિકળ્યા બાદ ફરીથી કુપોષીત ન બને.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત પ્રોગ્રામ ઓફિસર શ્રીમતી છાયાબેને બાલ શક્તિ કેન્દ્રના તમામ લાભાર્થીઓને નિયમિત હાજરી અને આપેલ માહિતીનો ઉપયોગ કરવા જણાવ્યું છે. આ ઉપરાંત તેમણે આંગણવાડીના તમામ બાળકો માટે 'ત્રીજા ભોજન'ની શરૂઆતની જાહેરાત પણ કરી. ત્રીજા ભોજનમાં

● અનુસંધાન પાન-૭ પર

ક્ષમા: રાખો, માંગો અને આપો

પર્યુષણ પર્વ

ક્ષમા રાખવાની માંગવાની અને આપવાની પર્વાધિરાજના આ દિવસો દરમિયાન દેરાસરમાં કે ઉપાશ્રયમાં પ્રતિક્રમણના સમયે કે વ્યાખ્યાનનાં સમયે કે તપના દિવસોમાં કે પારણાનાં દિવસોમાં અજાણતા કે જાણતાં કોકના હાથે આપણી અપેક્ષા તૂટે કોકના દ્વારા પ્રતિકુળતા ઉભી થાય કોકના

મુખેથી કર્કશ વચનો સાંભળવાનો પ્રસંગ આવે તો ય લેશ પણ આવેશમાં આવ્યા વિના આપણે ક્ષમા જ રાખવાની. મુખને હસતુ રાખવાનું અને ચિત્તને પ્રસન્ન રાખવાનું આ વાત થઈ ક્ષમા રાખવાની.

વર્ષ દરમ્યાન આપણા દ્વારા થયેલા વર્તનથી કોઈનું પણ મન દુભાયુ હોય તો અંત:કરણપૂર્વક એની ક્ષમા માંગવાની! શક્ય હોય તો રૂબરૂમાં જઈને ક્ષમા માંગવાની અને એ કદાચ ન હોય તો છેવટે સંવત્સરી પ્રતિક્રમણ કરતા પહેલાં યાદ કરીને પણ ક્ષમા માંગવાની અને પોતાની ભૂલ બદલ આપણી પાસે કોઈ ક્ષમા માગવા આવેતો મનમાં લેશ પણ ડંખ રાખ્યાવીના પ્રસન્ન ચિત્તે પર્વાધિરાજના હાર્દને નજર સામે રાખીને એને ક્ષમા આપવાની.

પણ મહત્વની વાત એ છે કે ક્ષમા રાખી કોણ શકે? ક્ષમા માંગી કોણ શકે અને ક્ષમા આ રહ્યો એનો જવાબ. સામર્થ્યવાન ક્ષમા રાખી શકે. નમ્ર માણસ ક્ષમા માંગી શકે અને ઉદાર માણસ ક્ષમા આપી શકે. મન જ જો માયકાંગલું હોય સત્વહીન હોય, અપેક્ષા વિરુદ્ધ કઈ પણ બનતા ખળભળી ઉઠે તેવું હોય, પોતાના પુણ્યની મર્યાદાની જેને ખ્યાલ ન હોય, સામી વ્યક્તિની પાત્રતા ન સમજવા જેટલી જેનામાં સમજ ન હોય આવો માણસ ક્ષમા રાખી શકે એ વાતમાં માલ નથી. અહંકારથી જેતુ ચિત્ત ગ્રસિત હોય ઝૂકવાની વૃત્તિને જે કમજોરી માનતો હોય સામેના દિલને જીતવા માટે પ્રેમ એ અક્ષર

● અનુસંધાન પાન-૭ પર

પાટનગર યોજનામાં એસ.ઓ.ની નિમણૂંક માટે સચિવને રજૂઆત

૨૪ મંજુર જગ્યા સામે ૮ જ ફરજ પર, ૫૦ ટકા ઘટ : ડિવીઝનના અધિકારીઓ ત્રસ્ત

ગાંધીનગર, તા. ૨

શહેરમાં વિકાસના અનેકવિધ કામો ઉપરાંત માળખાગત સુવિધાઓ પુરી પાડવાની જવાબદારી સંભાળતા પાટનગર યોજના ભવનમાં સેકસન ઓફિસરની ૨૪ મંજૂર જગ્યા સામે માત્ર ૮ અધિકારીઓ જ ફરજ પર હોવાથી મહત્વના કામો પર વિપરિત અસર પડી છે. મેનપાવરના અભાવ વચ્ચે અન્ય અધિકારીઓ માથે કામનું ભારણ આવ્યું છે. કાર્યપાલક ઈજનેર દ્વારા એસ.ઓ.ની ઘટ નિવારવા યોગ્ય ભરતી પ્રક્રીયા હાથ ધરવા પણ વિભાગના સચિવને રજૂઆત કરવામાં આવી હતી.

શહેરમાં પાણી-ગટર તેમજ રસ્તાઓ સહીતની માળખાગત સુવિધાઓની જવાબદારી જેના શીરે છે તેવા પાટનગર યોજના ભવનનું તંત્ર છેલ્લા ઘણા સમયથી ડામાડોળ હાલતમાં છે. અગાઉ અધિકારીઓની બદલી, બઢતી અને નિવૃત્તિના દૌર બાદ કાયમી અધિકારીઓની નિમણૂંક બાદ મેનપાવરની ઘટનો પ્રશ્ન મુખ્ય બન્યો છે. પ્રાપ્ય માહિતી અનુસાર પાટનગર યોજનામાં સ્થિત વિવિધ

● અનુસંધાન પાન-૭ પર

Required (ગાંધીનગર વિસ્તાર માટે)

• Electrical : I.T.I.
Lift Technician - 10 Nos. • Electrician - 15 Nos.
Fire System Technician - 10 Nos.
HVAC Technician - 15 Nos.

• Mechanical : I.T.I.
Plumber - 12 Nos. • Gas Piping - 10 Nos.

• Electronics : I.T.I.
Audio Visual System - 10 Nos.

• Information Technology : I.T.I.
I.T. System Technician - 10 Nos.
Security System Technician - 10 Nos.
Screening System Technician - 10 Nos.

• Helpers : 50 Nos. • House Keepers - 50 Nos.

દરેક જગ્યાઓ માટે ઓછામાં ઓછા ૫ વર્ષનો અનુભવ જરૂરી.

સંપર્ક કરો
9409262909 • 08600777148 • 08600107433

SANGHI CEMENT
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com